# સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં ઠંડી શિયાળુ પાકો માટે લાભદાયી

## બટાટા, રાયડો, દિવેલા, ઘઉંના પાકને ભરપૂર લાભ, ગાત્રો થીજવી દેતી ઠંડીથી બટાટા પકવનારા ખેડૂતો મલકાયા

બાયડ તા.૧૨

સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં વધતી ઠંડી શિયાળુ પાકો માટે લાભદાયી બની રહી છે. જિલ્લામાં નીચા તાપમાનને કારણે રાયડો, દિવેલા અને ઘઉંનો પાક તંદુરસ્ત બનતાં ઉત્પાદન વધવાની ઉજળી સંભાવના ઉભી થઈ છે. જો કે માફકસરની ઠંડી વચ્ચે વહેલી સવારે વધુ ઝાકળ વર્ષા થશે તો ખેતી પાકોને નુક્સાન જવાની ભીતી પણ ખેડૂતોએ વ્યક્ત કરી છે.

જિલ્લામાં જાન્યુઆરી માસના આરંભ સાથે ઠંડીએ તીખા તેવર અપનાવતાં જનજીવન ઠીંગળાઈ ગયું હોય તેવી સ્થિતિ નિર્માણ પામી હતી અને સૌ કોઈ ઠંડીથી ધ્રુજી ઉઠ્યા હતા પરંતુ કૃષિ માટે તિવ્રતમ ઠંડી અત્યંત ફાયદારૂપ બની રહી છે. જિલ્લામાં કાતિલ ઠંડીના કારણે શિયાળુ પાકો વધુ તંદુરસ્ત બનતાં પ્રજા માટે કાતિલ સાબિત થતી ઠંડી વાવેતર માટે લાભદાયી બની રહી છે. જિલ્લામાં આ વર્ષે ખેડૂતોએ રવી સીઝનની ખેતીનો પ્રારંભ કર્યા પછી વાતાવરણ અનુકુળ બની રહેવાની સાથે ઠંડીનું જોર વધતાં રાયડો, દિવેલા અને ઘઉંના પાકનું જોબન ખીલી ઉઠ્યું છે. જિલ્લામાં સમયાંતરે સિંચાઈનાં પાણી આપવાની સાથે ઠંડીનો અનુકુળ માહોલ શિયાળુ પાકો માટે મહત્વનો બની રહેતાં જિલ્લામાં શિયાળુ ખેતીનું ચિત્ર





ઉજળું બન્યું છે. જિલ્લામાં હજુ પણ શીતલહેર યથાવત રહેશે તો આગામી ઉત્પાદનમાં વધારો થવાની આશા પણ કૃષિ તજજ્ઞો વ્યક્ત કરી રહ્યા છે. જિલ્લામાં તાપમાનનો પારો નીચે ગયા પછી તિવ્રતમ ઠંડીના કારણે ઘઉંના પાકને ફાયદો થશે. ઠંડીના કારણે દાણો ભરાવદાર બનશે તેવું ખેડૂતો જણાવી રહ્યા છે. જો કે વહેલી સવારે ઝાકળ વર્ષા વધુ વરસશે તો વાવેતરને નુક્સાન જવાની પણ ભીતી રહેલી છે. જિલ્લામાં શિયાળુ ખેતીના આરંભથી જ ખેડૂતોએ સિંચાઈના પાણી સાથે પાકોને રોગથી બચાવવાના ભરપૂર પ્રયાસો હાથ ધર્યા હતા અને અનુકુળ ઠંડીની જમાવટ થઈ જતાં ખાસ કરીને





વર્તમાન ખેતીને ફાયદો થવાની ધારણા લગાવાઈ રહી છે. જિલ્લામાં જનજીવન માટે આત્મઘાતી સાબિત થતી ઠંડી સાચા અર્થમાં શિયાળુ પાકો માટે હાલ તો લાભદાયી બની રહેતાં ખેડૂત આલમ મલકાઈ ઉઠ્યો છે.

સાબરકાંઠા-અરવલ્લીમાં ૨૦,૦૦૦ હેક્ટરથી વધુ જમીનમાં બટાટાની ખેતી થયા પછી છેલ્લા સપ્તાહથી ગાત્રો થીજવી દેતી ઠંડીથી બટાટાની ખેતીને ભરપૂર ફાયદો થઈ રહ્યાનું ખેતી ઉપરથી જણાઈ રહ્યું છે જ્યારે બટાટા પકવનારા ખેડૂતો પણ આજ રીતે ઠંડીનો પ્રકોપ ચાલુ રહે અને કોઈ કુદરતી આપત્તિ ન આવે તો બટાટાની સાથે ઘઉંનું પણ મબલખ ઉત્પાદન થશે તેવી ઉતાવળી આશા રાખી રહ્યા છે.

સાબરકાંઠા-અરવલ્લી જિલ્લાના અનેક વિસ્તારોમાં ખેડૂતોએ નવેમ્બર માસમાં બટાટાની ખેતી કરી હતી પરંતુ એકાએક કમોસમી માવઠાં અને ઠંડી સાથે ગરમીનો અનુભવ થતાં બટાટાની ખેતીને અગણિત નુક્સાન પહોંચ્યું હતું તો કેટલાક ખેડૂતો કમોસમી માવઠાથી પાયમાલ બની ગયા હતા અને હવે છેલ્લા ૬ દિવસથી સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં કાતિલ ઠંડીનું મોજૂ રાત્રિ દરમ્યાન છવાઈ જતાં જે ખેડૂતોએ માવઠા પછી બટાટાની ખેતી કરી હતી તે ખેડૂતો સહિત અગાઉ નવેમ્બર માસમાં બટાટાની ખેતી કરનારા ખેડૂતો કાતિલ ઠંડીના સૂસવાટાથી ભલે માનવ શરીર ઠૂઠવાઈ જાય પરંતુ બટાટા સહિત રવી ખેતીને ફાયદો..જ..ફાયદો હોવાનું જણાવી રહ્યા છે. જ્યારે હવામાન ખાતાએ જિલ્લામાં તથા રાજ્યમાં કાતિલ ઠંડીની આગાહી કરી છે જેથી તા.૩૧ જાન્યુઆરી સુધી જિલ્લાની પ્રજાએ કાતિલ ઠંડીનો સામનો કરવા તૈયાર રહેવું પડે તેવી સ્થિતિ નિર્માણ પામી છે. જિલ્લામાં ગાત્રો થીજવી દેતી ઠંડીના પગલે બટાટાની ખેતીની પણ રોનક આવી છે. ખેડૂતોએ લોકર, બાદશાહ, ફૂંકરી સહિતની સારી જાતના બટાટાના મોંઘદાટ બિયારણ ખરીદી બટાટાની વાવણી કરી હતી અને હવે ખેડૂતોની બટાટાની ખેતીને માફકસર ઠંડુ વાતાવરણ જિલ્લામાં ઉભુ થતાં ખેડૂતો ભલે માવઠા પછી માંડુ વાવેતર કર્યું હોય પરંતુ બટાટાની ખેતીને કાતિલ ઠંડી ભરપૂર ફાયદારૂપ સાબિત થશે તેવું કેટલાક ખેડૂતોએ જણાવ્યું હતું. જિલ્લામાં ઠંડીનું કામણ વધતાં અને બટાટાનું વાવેતર ગત વર્ષ જેટલું જ થયું હોઈ કોલ્ડ સ્ટોરેજ માલિકો પણ સારા એવા ઉત્સાહી જોવા મળી રહ્યા છે. જો કે આ વખતે બટાટાના ભાવ આસમાને પહોંચશે તેવી આગોતરી શક્યતાને લઈને અનેક વેપારીઓએ સાબરકાંઠા-અરવલ્લીમાં બટાટાની પાક ઉપજ લઈ જવા માટે ખેડૂતોના ઉતાવળેથી સંપર્કો શરૂ કર્યાનું પણ કેટલાક ખેડૂતો પાસેથી જાણવા મળ્યું છે.

# સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં ઉત્તરાયણ પર્વનો ગજબનો ઉત્સાહ : દોરી પીવડાવવા માટે કતારો લાગી

## પતંગ-દોરી અને રીલની ખરીદી માટે બજારોમાં ભીડ

બાયડ તા.૧૨

સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં પતંગ પર્વને આડે માત્ર ગણતરીના કલાકો બાકી રહેતાં મોટા ભાગના વિસ્તારોમાં ઉત્તરાયણ પર્વનો ગજબનો ઉત્સાહ જોવા મળી રહ્યો છે અને દોરી પીવડાવવા માટે રીતસરની કતારો લાગી હતી. જિલ્લામાં પતંગ, દોરી અને રીલની ખરીદી માટે છેલ્લી ઘડીએ મોટી ઘરાકી નિકળતાં મોટા ભાગના બજારો પતંગ રસિયાઓથી રીતસરનાં ઉભરાઈ રહ્યાં છે. જિલ્લાની શોખીન પ્રજા કોઈપણ ઉત્સવની આગવી રીતે ઉજવણી કરતી હોય છે અને ઉત્તરાયણ પર્વની વાત આવે એટલે પ્રજાજનો ઉંધીયાના સ્વાદ સાથે એ..કાઈપ્યો છે ની બુમો સાથે અગાસીમાં પરિવારજનો સાથે પતંગ ઉડાડવાની મજા લૂંટતા હોય છે. જિલ્લામાં આકાશી યુદ્ધની તડામાર તૈયારીઓ હાથ ધરાઈ હોય તેમ દોરી પીવડાવવા માટે પડાપડીના દ્રશ્યો ઠેકઠેકાણે જોવા મળ્યાં હતાં.

જિલ્લાની ઉત્સવ પ્રિય પ્રજા આગવી ઢબે ઉત્તરાયણનું પર્વ ઉજવતી હોય છે માત્ર પતંગ ઉડાડીને જ નહીં પરંતુ દાન-પુણ્ય



પણ એટલું જ થતું હોય છે. ઉત્તરાયણના પર્વ આડે ગણતરીના કલાકો બાકી છે અને આકાશી યુદ્ધ માટે સૌ કોઈએ તૈયારીઓ હાથ ધરી હોય તેમ પતંગ, દોરીની ખરીદી માટે બજારોમાં ભારે ભીડ ઉમટતાં જ્યાં નજર કરો ત્યાં પતંગ રસિયાઓ નજરે પડી રહ્યા છે. જિલ્લામાં ઠેર ઠેર દોરી પીવડાવવાના સંચા ઉપર રસિયાઓની લાંબી કતારો જોવા મળી રહી છે. છેલ્લા ૩ દિવસથી પતંગ-દોરીની ખરીદીમાં તેજી આવી હોય તેમ વેપારીઓને તડાકો પડ્યો છે. જિલ્લામાં તારક મહેતાના ઉલ્ટા ચશ્મા ફેઈમ કલાકારોની પતંગ, ભ્રષ્ટાચાર વિરૂદ્ધ ચળવળને પગલે વિશ્વ વિખ્યાત બનેલા અણ્ણા હજારેના ચિત્રોવાળી પતંગો વધુ પ્રમાણમાં વેચાઈ રહી છે. જિલ્લામાં છેલ્લી ઘડીએ પ્રજામાં ઉત્તરાયણનો ઉત્સાહ બમણા વેગથી જાગ્યો હોય તેમ પતંગ-દોરીની ખરીદી શરૂ કરતાં બજારોમાં ભારે ભીડ જોવા મળી રહી છે. સામાન્ય રીતે રાત્રિના ૭-૦૦ પછી બંધ થઈ જતી દુકાનો પણ મોડી રાત સુધી ખુલ્લી રહેતી હોવાથી કેટલાક પ્રજાજનો રાત્રે જ પતંગ-દોરીની ખરીદી કરતા જોવા મળી રહ્યા છે. જિલ્લામાં પતંગના પેચ લડાવવાની સાથે ખાણી-પીણીના શોખીન પ્રજાજનોએ સૂરતી ઉંધિયાની પાર્ટીઓ ઉત્તરાયણના દિવસે જ મનાવવાનું અત્યારથી જ આયોજન કરી દીધું છે. જ્યારે વેપારીઓ તથા ફૂટપાથ પર બેસી સીઝનેબલ ધંધો કરતા ફેરીયાઓને છેલ્લે ચાલુ વર્ષે પતંગોનું ધુમ વેચાણ થવાની આશા છે. ટૂંકમાં મોટા ભાગના વિસ્તારોમાં આકાશી યુદ્ધની તડામાર તૈયારીઓ હાથ ધરાઈ છે અને ઉત્તરાયણના દિવસે સવારથી જ પવનદેવ સાથ આપશે તો એ..કાઈપ્યો છે ના નારા સાથે આકાશ પતંગોથી છવાઈ જશે તે બાબત નિશ્ચિત બની છે.

# પ્રજા ફરી ગરમ વસ્ત્રો અને તાપણાંના સહારે

## જિલ્લો ૬ ડિગ્રી ઠંડીથી ઠંડોગાર, આગામી ૨ દિવસ ઠંડીનું મોજુ હાવિ રહેવાની આગાહી : વિજયનગર-૬, ઈડર, પોશીના, ખેડબ્રહ્માં ૮ ડિગ્રી લઘુત્તમ તાપમાન : ગ્રામ્ય વિસ્તારોમાં ઠંડીનો આકરો બુસ્ટરડોઝ

બાયડ, તા. ૧૨

ઉત્તર ગુજરાતમાં સતત લઘુત્તમ તાપમાન ગગડી રહ્યું છે. તા.૧૨ના રોજ જિલ્લામાં વિજયનગર તાલુકામાં લઘુત્તમ તાપમાન ૬ ડિગ્રી થઈ જતાં પ્રજા ફરી એક વખત ઠંડી પ્રકોપમાં ઠુંઠવાતી જોવા મળી. આગામી ૨ દિવસ ઠંડીનું મોજુ હાવિ રહેવાની હવામાન વિભાગે આગાહી કરી છે. વિજયનગર-૬ ડિગ્રી, ઈડર, પોશીના, ખેડબ્રહ્મામાં ૮ ડિગ્રી લઘુત્તમ તાપમાન નોંધાયું. પરોઢથી જ ઠંડીના સૂસવાટાના કારણે જનજીવન પ્રભાવિત થતું જોવા મળ્યું.

પ્રાપ્ત વિગતો અનુસાર સમગ્ર ગુજરાત શીતલહેરની ઝપેટમાં આવી ગયું છે. સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં પિયત વિસ્તાર વધ્યા પછી રૂટીન તાપમાન કરતાં લઘુત્તમ તાપમાન ૧ થી ૨ ડિગ્રી ગગડ્યું છે. જેનો પ્રભાવ સ્પષ્ટ જોવા મળી રહ્યો છે. શનિવાર સમી સાંજથી ઠંડી પ્રકોપ શરુ થયો છે જેની સીધી અસર બજાર, શોપીંગમોલ, દવાખાના, હોસ્પિટલ, દેવસ્થાનો ઉપર જોવા મળી છે. એસ.ટી. વિભાગને પણ ઠંડીની અસરના કારણે આવકમાં ઘાટો થઈ રહ્યો છે. ઠંડીમાં રાહત ક્યારે મળશે તેની પ્રજા હવે રાહ જોઈને બેઠી છે પરંતુ હવામાન વિભાગની આગાહી મુજબ આવતી કાલે જિલ્લામાં વર્તમાન વર્ષનું સૌથી નીચું લઘુત્તમ તાપમાન નોંધાઈ શકે છે.



જિલ્લાના પોશીના, વિજયનગર, ભિલોડા, મેઘરજ સહિતના વિસ્તારોમાં તાપમાનનો પારો હજુ પણ વધુ ગગડે તેવી સંભાવના હવામાન વિભાગે વ્યક્ત કરી છે. ડૉક્ટરો દ્વારા પણ બ્લડપ્રેશર અને અસ્થમાના દર્દીઓને ઠંડીની તિવ્રતા વધી હોવાથી સંભવ હોય ત્યાં સુધી ઘરની બહાર નિકળવાનું ટાળવું જોઈએ તેમ જણાવ્યું છે.

# રાજ્યમાં વહેલી ચૂંટણીના અણસાર

## અરવલ્લી ભાજપ સંગઠને શક્તિ કેન્દ્રો ઉપર કામ કરનારા કાર્યકર્તાઓની સિદ્ધિઓ તૈયાર કરવા આપ્યા આદેશ : ઉત્તરપ્રદેશ, ઉત્તરાખંડ, ગોવાના પરિણામ ઉપર ભાજપની નજર

બાયડ, તા. ૧૨

દેશના ૫ રાજ્યોમાં ૧૦મી ફેબ્રુઆરીથી ચૂંટણી અને ૧૦ માર્ચે પરિણામ જાહેર થવાનું છે ત્યારે ગુજરાતમાં વહેલી વિધાનસભા ચૂંટણી નહીં યોજાય ને..?? આ મુદ્દો ચર્ચામાં છે. ઉત્તરપ્રદેશ, ઉત્તરાખંડ અને ગોવાના પરિણામ ભાજપ તરફેણમાં આવ્યા તો ગુજરાતમાં માર્ચ-એપ્રિલમાં વિધાનસભા ચૂંટણી સંભવ છે. અરવલ્લી ભાજપ સંગઠને શક્તિ કેન્દ્રો ઉપર કામ કરનારા કાર્યકર્તાઓની સિદ્ધિઓ તૈયાર કરવા તમામ ૮ મંડલના સંગઠન પ્રમુખ અને મહામંત્રીઓને સૂચના આપી છે.

પ્રાપ્ત જાણકારી અનુસાર દેશમાં કોરોનાની ત્રીજી લહેરમાં દર્દીઓની સંખ્યામાં વધારો થતાં ૫ રાજ્યોમાં વિધાનસભા ચૂંટણી યોજાશે કે કેમ.?? તે અંગે અનેક મત મતાંતર હતા પરંતુ ચૂંટણી આયોગ દ્વારા ૫ રાજ્યોની ચૂંટણી જાહેર થઈ છે અને એ સાથે જ ગુજરાત ભાજપ સંગઠન અત્યારથી એકશનમાં આવ્યું છે. સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં ભાજપ સંગઠન દ્વારા કાર્યકરોને ચાર્જ કરવાના પ્રયાસો શરુ થયાં છે. પ્રદેશ પ્રમુખ સી.આર. પાટીલ પણ તમામ જિલ્લામાં એક દિવસ ગાળવાના છે અને તેમના વન-ડે વન ડીસ્ટ્રીક્ટ કાર્યક્રમોનું આયોજન થઈ રહ્યું છે. જિલ્લામાં કોરોનાની વર્તમાન સ્થિતિને ધ્યાને રાખી પ્રદેશ પ્રમુખના કાર્યક્રમના આયોજનમાં એકાદ પખવાડીયાનો ફેરફાર થઈ શકે છે. જે રીતે વિધાનસભા ચૂંટણીને આડે હજુ ૧૧ મહિનાની વાર છે છતાં ગુજરાત ભાજપમાં જે સક્રીયતા જોવા મળી તે જોતાં ઉત્તરપ્રદેશ સહિતના રાજ્યોના ચૂંટણી પરિણામો બાદ ગુજરાતમાં વિધાનસભા ચૂંટણી ક્યારે યોજાશે તે જાહેર થઈ શકે છે. જિલ્લા ભાજપ સંગઠન પ્રમુખ રાજેન્દ્ર પટેલે જિલ્લાના મોડાસા, બાયડ શહેર, બાયડ તાલુકા સંગઠનની રુબરુ મુલાકાત લઈ પાયાના તમામ કાર્યકરોને યાદ કરવા અને દરેક મંડલમાં બુથ દીઠ શક્તિ કેન્દ્રના ઈન્ચાર્જ તેમજ અત્યાર સુધી જે કાર્યકરોને હોદ્દા આપવામાં આવ્યા હોય તે તમામની ફોટા સાથેની સેવાકીય વિગતોવાળું આગવું સોવેનિયર જિલ્લાકક્ષાએ તૈયાર કરવાની તજવીજ શરૂ શર્યાનું પણ જણાવ્યું છે. ટૂંકમાં ભાજપ સંગઠનમાં એકાએક સક્રીયતા આવતાં ગુજરાતમાં વહેલી ચૂંટણીના અણસાર દેખાઈ રહ્યા છે. જ્યારે ગુજરાત પ્રદેશ ભાજપની થીંકટેન્ક અગાઉથી જ ગુજરાતમાં વહેલી નહીં પરંતુ સમયસર ચૂંટણી યોજાશે તેવું અગાઉ જણાઈ ચૂક્યા છે.

# સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં પશુઓને કોથળા ઓઢાડી ઠંડીથી રક્ષણ આપવાનો પ્રયાસ

બાયડ તા.૧૨

સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં છેલ્લા કેટલાક દિવસથી તાપમાનનો પારો નીચો પહોંચી જતાં કાતિલ ઠંડીથી જનજીવન અસ્ત વ્યસ્ત બની ગયું છે. જ્યારે બર્ફીલા પવનોમાં મૂંગા પશુઓ થરથર ધ્રૂજવા લાગતાં કેટલાક પશુ પાલકોએ પશુઓને કોથળા ઓઢાડી ઠંડીથી રક્ષણ આપવાના પ્રયાસો શરૂ કર્યા છે. જિલ્લામાં કાતિલ ઠંડી સામે પશુઓ લાચાર બની ગયાં હોય તેમ ખોરાક શક્તિમાં પણ ભારે ઘટાડો નોંધાયાનું પશુપાલકો જણાવી રહ્યા છે.

જિલ્લામાં ગાત્રો થીજવતી ઠંડીના સપાટામાં જનજીવન ઠૂઠવાઈ રહ્યું છે. કાતિલ ઠંડીમાં પશુ-પક્ષીઓની હાલત અત્યંત કષ્ટમય બની જતાં પ્રાણીઓ માટે શિયાળો શીતમગર સાબિત થઈ રહ્યો છે. જિલ્લામાં પશુપાલનનો વ્યવસાય વિકસ્યો હોવાથી પશુપાલકોને વર્તમાન શિયાળામાં પોતાના કરતાં મૂંગા પશુઓની ચિંતા વધુ સતાવતી હોવાથી કાતિલ ઠંડીમાં પશુઓને હૂંફ આપવા કેટલાક પશુપાલકોએ કોથળા ઓઢાડવાની શરૂઆત કરી છે. જિલ્લામાં દૂધાળા પશુઓની સંખ્યામાં છેલ્લા કેટલાક વર્ષોથી નોંધપાત્ર વધારો થયો છે અને દૂધની આવકથી અનેક પરિવારોની આર્થિક સ્થિતિમાં મોટો સુધાર આવ્યો છે ત્યારે કાતિલ ઠંડીના માહોલમાં મૂંગા પશુઓ થરથર ધ્રૂજવા લાગતાં પશુઓને ઠંડીથી રક્ષણ આપવા માટેના હાથવગા ઉપાયો પશુપાલકોએ શરૂ કર્યા છે જેમાં દૂધાળા પશુઓને કોથળા ઓઢાડી હૂંફ આપવાના પ્રયાસો થઈ રહ્યા છે.


સર્જન્સ ઓફ ઈન્ડીયાના ગુજરાત એકમના પ્રમુખ તરીકે વરણી બદલ હાર્દિક અભિનંદન..



ડૉ. મિનેષભાઈ સી. ગાંધી
Mo. : 9426013930

બાયડના જાણીતા યુવા સર્જન, સાબરકાંઠા-અરવલ્લી સર્જન એસોસીએશન પ્રમુખ

ડૉ. મિનેષભાઈ સી. ગાંધી

(વિશ્વા સર્જીકલ હોસ્પિટલ-બાયડ)ની એસોસીએશન ઓફ સર્જન્સ ઓફ ઈન્ડીયાના ગુજરાત એકમના વર્ષ-૨૦૨૨ ના પ્રમુખ તરીકે બિનહરીફ વરણી થતાં ખુબ ખુબ અભિનંદન.

શુભેચ્છક

વલ્લભભાઈ મગનભાઈ પટેલ
રમેશભાઈ મગનભાઈ પટેલ
પરેશકુમાર શંકરભાઈ પટેલ
કાર્તિકકુમાર ભરતભાઈ પટેલ
રવિકુમાર વલ્લભભાઈ પટેલ
દુષ્યંતકુમાર (ટપુભાઈ) ભરતભાઈ પટેલ
નિમેષકુમાર જશુભાઈ પટેલ
સંજયકુમાર ભલુભાઈ પટેલ
અમિતકુમાર પ્રવિણભાઈ પટેલ
તથા સમસ્ત પરિવાર

બાયડ, જિ.અરવલ્લી